ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૫-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### દેશનું દૂઝતું ઘારું : નકસલવાદ

છત્તીસગઢના બસ્તરપ્રદેશમાં કોગ્રેંસની પરિવર્તન રેલી પર થયેલ નૃશંસ હુમલાથી દેશ આખો સ્તબ્ધ અને કિંકર્તવ્યમૂઢ બની ગયો છે. સરહદ પારના આતંકવાદ કરતાં પણ આ આંતરિક આતંકવાદનો પ્રશ્ન વધારે વિકટ હોવાનું ખુદ વડાપ્રધાન પણ સ્વીકારી ચૂક્યા છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આ ઘટનાથી ઊંડી વ્યથા અનુભવી છે- એમની પ્રતિક્રિયા હતી : 'આય'મ સ્ટન્ડ' હું સ્તબ્ધ રહી ગયો છું, જેની કલ્પના પણ ન હોય એવો આઘાત આવી પડે ત્યારે માનવી મૂઢ બની જતો હોય છે. દેશના આ દૂઝતા ઘારાની પરાકાષ્ઠા સમી પીડા અનુભવીને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીથી લઈ યુપીએ- ચેરપર્સન સોનિયા અને ઢીલાપોચા વડાપ્રધાન મનમોહનસિંહ સહિત તમામ મોટા નેતાઓ આવો આઘાત અનુભવી રહ્યા છે. ઊભરતા કોગ્રેંસી નેતા રાહુલ ગાંધીએ તેમજ વડાપ્રધાનપદનાં દિવાસ્વપ્નોમાં રાચતાં નરેન્દ્ર મોદી આ ઘટનાને દેશની લોકશાહી ઉપરનો હુમલો ગણાવ્યો છે. આ વખતના હુમલામાં પ્રદેશ કોગ્રેંસની નેતાગીરીને એકીસાથે ખતમ કરી દેવાઈ છે. અત્યાર સુધીના હુમલા મહદંશે અને સુરક્ષાદળો સામે થતા રહ્યા છે. રાજકીય આગેવાનોની સામૂહિક હત્યાને કારણે તંત્ર વિશેષ સક્રિય બનશે. નકસલવાદ એટલું કાતિલ ઝેર છે કે જે દેશની નસોમાં ઊંડે સુધી પ્રસરી ચૂક્યું છે. વર્ષો પહેલાં એ નકસલબારી નામના ખૂબ જ ઓછા જાણીતા કસ્બાથી શરૂ થયું હતું. પરંતુ પચીસેક વર્ષના ગાળામાં એ કેન્સરની જેમ બિહાર, બંગાળ, ઓડિશા, ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશ પર્યંત વિસ્તર્યું છે. હવે એ ગુજરાત- મહારાષ્ટ્રમાં એનો પગપેસારો કરવા મથી રહ્યાંનાં એંધાણ છે. આદિવાસીઓને આ દેશના મૂળનિવાસી ગણાવી એમને બિનઆદિવાસી સમાજ વિરુદ્ધ ભડકાવવાના પદ્ધતિસરના કારસા થતા રહ્યાં છે. જંગલ અને ડુંગર પર આદિવાસીઓનો જ હક્ક હોવો જોઈએ, એમની આ કુદરતી સંપદા લૂંટીને સરકાર બાકીની પ્રજાને લાભ અપાવે છે, એની સામે બંડ પોકારનારા સર્વહારા સમાજના બોલકા પ્રતિનિધિઓને માઓવાદી શક્તિઓનું પીઠબળ સાંપડતાં આ સંઘર્ષ કાયમી વેરવૃત્તિમાં પરિણમ્યો છે. ચીન અને પાકિસ્તાન જેવા દુશ્મન પાડોશીઓ માટે ભારત જેવી ઊભરતી મહાસત્તાને અંદરથી જ ખોખરી કરવા માટેની આ સોનેરી તક હોઈ એમનો આવાં તત્વોને શરૂથી જ બેશુમાર સહયોગ સાંપડતો રહ્યો છે. ભારતના રાજકારણીઓ માટે મતબેંકનું રાજકારણ જ વિશેષ મહત્વનું રહ્યા કરતું હોઈ આવાં તત્વોનો પોતાની તરફેણમાં ઉપયોગ કરવાનું વલણ તમામ રાજકીય પક્ષો કરતા રહ્યા છે. ખરેખર તો એમને હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે, એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. અલબત્ત, વરિષ્ઠ કોગ્રેંસી નેતા અને 'બસ્તરના શેર' તરીકે ઓળખાતા મહેન્દ્ર કર્માએ આદિવાસીઓને બાનમાં લેનારા નકસલીઓ વિરુદ્ધ 'સલવા જુડૂમ' જેવું સંગઠન ઊભું કરી રીતસરની જેહાદ છેડી હતી. એમના પડકારથી દાઝએલા નકસલીઓ એમનો ઘડો લાડવો કરવાની તક જ શોધી રહ્યાં હતા. કોગ્રેંસની પરિવર્તન યાત્રા વખતે આયોજન પૂર્વક હુમલો કરી પ્રદેશ કોગ્રેંસના અધ્યક્ષ સહિત અનેક આગેવાનોને ક્રૂર રીતે રહેંસી નાખી નકસલવાદીઓએ એમનો મનસૂબો પાર પાડ્યો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી વિશ્વાચરણ શુકલ પણ ઘાયલ થયા છે. કેન્દ્ર સરકારની આઈબી જેવી ગુપ્તચર સંસ્થા કે રાજયસરકારની પોલીસ અને ગુપ્તચર સંસ્થાઓ ઊંઘતી ઝડપાઈ છે. આવા નૃશંસ હુમલાની પ્રથમ જવાબદારી તો રાજય સરકારની નબળી નેતાગીરીના શિરે જ આવે. આવા સંજોગોમાં ભાજપની છત્તીસગઢ સરકારને એક પળ પણ સત્તામાં રહેવાનો નૈતિક અધિકાર નથી રહેતો. પરંતુ એવી નૈતિકતા વળી બચી જ ક્યાં છે? નકસલવાદનો ખાત્મો કરવા તમામ રાજકીય પરિબળોએ એક મંચ પર આવી એનો કાયમી ઉકેલ આણવો જોઈએ. જો કે ફક્ત ચૂંટણીલક્ષી ગણિતોમાં રાચતા રાજકીય પક્ષો આવો સર્વાશ્લેષી અભિગમ અપનાવશે કે કેમ તે પ્રશ્ન જ છે.

## 'સહિયારી નિસબત'માં શ્રી નારાયણ દેસાઈ માર્ગદર્શન આપશે

અમદાવાદ, તા. ૨૭

મનીષાનંદ જીન્વે આશ્રમ (નર્મદા કિનારે) અંગારેશ્વર ભરૂચ ખાતે તા. ૯મી જુનના રોજ 'સહિયારી નિસબત'ના ત્રીજા મણકામાં ખેતી અને ખેડૂતની સ્થિતિ વિષય પર વિસ્તૃત ગોષ્ઠિ કરવામાં આવશે. અમદાવાદથી જવા માટે ફોન નં. ૦૭૯-૨૭૫૪૬૭૬૭ પર કામિનીબેનને જાણ કરવા જણાવેલ છે. ભરૂચના શીતલ ગેસ્ટહાઉસથી દર કલાકે અંગારેશ્વરની બસ મળે છે, નબીપુરથી ૧૯ કિમી દૂર છે.

# જીયેગા નર તો ફીર બાંધેગા ઘર જો મર-મર કે જીયે વો કાહે કા નર

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત 'ખુશાલીનો વન્સમોર' નાટકને પ્રેક્ષકોનો ભરપૂર પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૨૭

જીયેગા નર તો ફીર બાંધેગા ઘર, જો મર-મર કે જીયે વો કાહે કા



નર ?... અમારી એ અંગત માન્યતા છે કે શિક્ષણ ભલે અંગ્રેજી માધ્યમમાં લો પણ સંસ્કૃતિ તો ભારતીય જ હોય... રૂપિયા પાંચસો હોય કે પાંચ કરોડ એની કિંમત આપણે વધારી છે, બાકી છે તો એ કાગળના ટૂકડા જ ને ?... માણસને બોલતાં તો બાર-તેર મહિને આવડી જાય છે પણ શું બોલવું ને ક્યારે બોલવું એ શીખતાં આખી જિંદગી નીકળી જાય છે...

આવા અનેક ચોટદાર સંવાદો અને એ સંવાદોની પાછળ રમતા તાળીઓના ગડગડાટથી ગઈકાલે રાત્રે ગાંધીનગર ટાઉનહૉલ ગાજી ઊઠ્યો હતો. પ્રસંગ હતો સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત વર્ષ ૨૦૧૩ના પ્રથમ સાંસ્કૃતિક કાર્યક્રમનો. સમાજસેવા ટ્રસ્ટના સભ્ય પરિવારો માટે આયોજિત નાટ્યપ્રયોગ 'ખુશાલીનો વન્સમોર' સૌએ મન ભરીને માણ્યો હતો.

નાટ્યસુમન કલા ટ્રસ્ટ, અમદાવાદ સર્જિત પૂર્વી જાડાવાલા નિર્મિત, ઈમ્તિયાઝ પટેલ (મુંબઈ) લિખિત અને પ્રકાશ જાડાવાલા દિગ્દર્શિત 'ખુશાલીનો વન્સમોર' નાટક છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી ગુજરાતભરમાં સફળતાપૂર્વક ચાલી રહ્યું છે અને મુંબઈની પ્રતિષ્ઠિત નાટ્યસ્પર્ધા ચિત્રલેખા તથા ટ્રાન્સમિડીયા દ્વારા પણ આ નાટકે અનેક ઍવોર્ડ્સ પ્રાપ્ત કર્યા છે.

આધુનિક યુગમાં જયારે આપણી સંસ્કૃતિ ભુલાઈ રહી છે, સંસ્કારો લુપ્ત થવા માંડ્યા છે, કુટુંબો વિભક્ત થવા લાગ્યા છે અને પરિવારો વિખરવા માંડ્યા છે ત્યારે સંસ્કૃતિ, સંસ્કાર અને કુટુંબજીવનની મીઠાશની વાત સરળતાથી સમજાવતું આ અનોખું નાટક ગાંધીનગરના પ્રેક્ષકોએ સપરિવાર માણ્યું હતું. આઈપીએલની ફાઈનલ મેચ હોવા છતાં ટાઉનહૉલ પ્રેક્ષકોથી ચિક્કાર ભરાઈ ચૂક્યો હતો અને નાટકના પ્રથમ દ્રશ્યથી જ તાળીઓના ગડગડાટ શરૂ થઈ ગયા હતા. નાટકમાં માત્ર સામાજિક કે સંસ્કારિતાનો જ સંદેશ હતો એવું ન હતું, પરંતુ નાટકમાં મનોરંજનના સઘળા સ્વાદ પીરસવામાં આવ્યા હતા. ભવ્ય સેટીંગ્સ, અસરકારક સંગીત, સુંદર લાઈટ વ્યવસ્થા અને ચોટદાર સંવાદો ઉપરાંત પળેપળે ઉપજતું હાસ્ય એ આ નાટકનાં મજબૂત પાસાં હતાં. જેનાથી પ્રેક્ષકોએ ન માત્ર એક સારા સંદેશ આપતા નાટકની રજૂઆત માણી, પરંતુ પેટ પકડીને હસતાં હસતાં ભરપૂર મનોરંજન પણ માણ્યું હતું.

નાટકના અભિનયકર્તાઓનો મજબૂત અભિનય પણ નાટકનું જમા પાસું હતું. ગાંધીનગરના જાણીતા નાટ્ય કલાકાર કુંતલ નિમાવત અને એમની ટીમના દિવ્યકાન્ત વર્મા સહિત શ્રદ્ધા જહા અને દિપેન રાવલે આ નાટકમાં જાનદાર રીતે મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. એ ઉપરાંત, હેમાક્ષી રાવલ, કિંજલ પંડ્યા, પ્રકાશ જાડાવાલા, ભાવેશ નાયક, મૌલિક વ્યાસ અને વિશ્વેસ જોષીએ પણ અસરકારક અભિનય દ્વારા પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.

શરૂઆતમાં સંસ્થાના મોભી કુંવરજીભાઈ દ્વારા નાટકના દિગ્દર્શક પ્રકાશ જાડાવાલાને પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ પ્રેક્ષકોએ નાટકની રજૂઆત માણી હતી. 'આ નાટક એ આજના યુગની જરૂરિયાત છે અને સપરિવાર સાથે બેસીને માણી શકાય એવું સ્વચ્છ અને સુંદર સર્જન એ છે' એવો અભિપ્રાય નાટક માણનારા પ્રેક્ષકોએ એક સૂરે આપ્યો હતો.

# સીબીએસઈનું ધોરણ ૧૨નું ૮૨.૧૦ ટકા પરિણામ જાહેર

## વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૭.૯૮ ટકા, વિદ્યાર્થીઓનું પરિણામ ૭૭.૭૮ ટકા : ગત વર્ષ કરતા વધારે પરિણામ

અમદાવાદ, તા. ૨૭

સીબીએસઈ ૧૨માં ધોરણનું પરિણામ આજે જાહેર કરી દેવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ છોકરીઓએ બાજી મારી લીધી છે. વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૭.૯૮ ટકા અને વિદ્યાર્થીઓનું પરિણામ ૭૭.૭૮ ટકા રહ્યું છે. આ સાથે જ પરિણામ ૮૨.૧૦ ટકા રહ્યું છે. ગત વર્ષની સરખામણીએ જોઈએ તો આ વર્ષે પરિણામ સારું આવ્યું છે. છેલ્લા વર્ષે ૮૦ ટકા પરિણામ હતું. આ વખતે ૧૫ ટકા વધારે વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. દરેક રિઝનમાં ચેન્નાઈ રિઝનના વિદ્યાર્થીઓએ બાજી મારી છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ૧૨માં ૯૪૨૦૩૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરિણામને લીધે વિદ્યાર્થીઓમાં આજે ભારે ઉત્સુકતા જોવા મળી હતી.

સીબીએસઈ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓએ પરિણામ જોવા માટે www.result.nic.in/http:/ cbseresults.com, http: cbse.nic.in ઉપર પરિણામ મૂક્યું હતું. આના સિવાય આઈવીઆરએસ સુવિધા માટે વિદ્યાર્થી નેશનલ ઈન્ફોરમેટીક્સ સેન્ટર નંબર ૦૧૧-૨૪૩૦૦૬૯૯ ઉપર ફોન ઉપર પણ માહિતી મેળવી શકાય છે. સીબીએસઈ દ્વારા મોબાઈલ ઉપર પણ પરિણામ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. એના માટે જુદા જુદા મોબાઈલની કંપની માટે નંબરો આપવામાં આવ્યા હતા. દેશભરમાં ગત ૧૭ એપ્રિલથી ૧લી માર્ચ સુધી લેવામાં આવેલી પરીક્ષામાં ગુજરાતમાંથી આશરે ૪૦૦૦માંથી અમદાવાદ સેન્ટરમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

## કવાર્ટર ફાઈનલમાં સાબરમતી ઈલેવન ક્રિકેટ ટીમ વિજેતા બની

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના આંગણે રમાઈ રહેલી ડૉ. બાબાસાહેબ આંબેડકર ક્રિકેટ ટુર્નામેન્ટની લીગ મેચ બે ટીમો વચ્ચે અને કવાર્ટર ફાઈનલ મેચ ત્રણ ટીમો વચ્ચે આજ રોજ રમાઈ હતી. કવાર્ટર ફાઈનલની મેચમાં કોલવડા સુપર કિંગ્સ ગાંધીનગરની ટીમ સામે સાબરમતી ઈલેવન અમદાવાદની ટીમે વિજય હાંસલ કરી સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

ડૉ. આંબેડકર ક્રિકેટ ટુર્નામેન્ટની ૧૬ ટીમો વચ્ચે લીગ મેચ રમાઈ હતી જેમાં આજ રોજ રાણીપ રૂફીયન્સ અમદાવાદની ટીમ સામે સરગાસણ ઈલેવન, ગાંધીનગરની ટીમ વિજેતા બની હતી અને લોર્ડ બુદ્ધા ઈલેવન, ધોળકા સામે પ્રાંતિજ ઈલેવનની ટીમ વિજેતા થઈ હતી. આ લીગ મેચ બાદ કવાર્ટર ફાઈનલ મેચમાં કોલવડા સુપર કિંગ્સ ગાંધીનગર સામે સાબરમતી ઈલેવન અમદાવાદની મેચ રમાઈ હતી જેમાં સાબરમતી ઈલેવનની ટીમે સેમી ફાઈનલ પ્રવેશ મેળવ્યો છે. ડ્રિમ ફાઈટર અમદાવાદની ટીમ સામે કેપીટલ કિલર્સ ગાંધીગરની ટીમ વિજેતા બની હતી. અત્રે નોંધનીય બાબત એ હતી કે ડ્રિમ ફાઈટર ટીમના ખેલાડીઓએ એચ.આઈ.વી. એઈડસ અવેરનેસ સંદર્ભે દરેક ટીમના ખેલાડીઓને રેડ રીબીન બાંધી હતી. કવાર્ટર ફાઈનલમાં વિજેતા બનેલી ટીમ આજે સેમી ફાઈનલ રમશે.




## લગ્નની મોસમ સાથે ટયૂશન કલાસોમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી

### ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની શાળાઓ તો વેકેશનમાં પણ ચાલી...

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સમગ્રમાં ઉનાળાની મોસમ સાથે સાથે વેકેશન અને લગ્નસરાની મોસમ પણ પૂર જોશમાં ખીલી છે. ગાંધીનગરની શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શૈક્ષણિક વર્ગો શાળામાં વેકેશન દરમિયાન ભલે ચાલતા ન હોય પણ ટયૂશન કલાસોમાં તો વિદ્યાર્થીઓ વેકેશનમાં જ શિક્ષણ મેળવવા જોડાઈ ગયા હતા. પણ... હમણાં હમણાં લગ્નની મોસમ ખિલતાં વિદ્યાર્થીઓની હાજરી ટયૂશન કલાસોમાં પાંખી વર્તાઈ રહી છે.

ગાંધીનગર શહેરના જાણીતા ટયૂશન કલાસીસોના શિક્ષકોએ માહિતી આપતા જણાવ્યું હતું કે શાળામાં વેકેશન પડતાં ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓના એડમિશન કલાસીસોમાં શરૂ થયા હતા અને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી જેવા વિષયોમાં સારા માર્કસ લાવવા માટે વિદ્યાર્થીઓ શરૂઆતથી જ ટયૂશન કલાસમાં જોડાઈ ગયા છે. શાળાનું શૈક્ષણિક સત્ર શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વેકેશનમાં જ બોર્ડના વિદ્યાર્થીઓએ ઘણોખરો સિલેબસ તૈયાર કરી દીધો છે. પરિણામ લક્ષી વાલીઓ હંમેશા વિદ્યાર્થીને સમય વેડફવા દેતા નથી, વેકેશન હોય છતાં તેમને નિરાંતે બેસવા દેતા નથી. આ સ્થિતિમાં બાળકોને કલાસીસમાં મોકલે છે. આજનો વિદ્યાર્થી લગભગ સવારથી સાંજ સુધી જુદા જુદા વિષય નિષ્ણાંત શિક્ષકો પાસે પર્સનલ ટયુશન કરી વધુ માર્કસ મેળવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. છતાં આ અઠવાડિયામાં લગ્નના મુહૂર્તો ઘણા આવ્યા હોવાથી વિદ્યાર્થીઓ પોતાના સગા વહાલાઓના લગ્નમાં પણ ગયા હોવાની શિક્ષકોએ ફરિયાદ કરી છે. ગૃપ ટયુશન અને પર્સનલ ટયૂશન સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષામાં તૈયારી કરતા કલાસીસોમાં પણ યુવાન વિદ્યાર્થીઓની પાંખી હાજરી વર્તાઈ રહી હોવાની સંચાલક મિત્રો દ્વારા જાણવા મળ્યું છે.

શાળામાં અભ્યાસ કરતા ધો-૧ થી ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ પણ વેકેશનમાં ટયૂશન કલાસીસમાં જોડાયા છે. કેટલાક કલાસીસો તો શાળા વેકેશનની શરૂઆતથી જ વિદ્યાર્થીને ભણાવતા થઈ ગયા હતા જયારે કેટલાક કલાસીસો ૧લી જૂનથી ધમધમશે. ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને શિક્ષકો તરફથી ખાસ રજાઓ ના પાડવાની નોટીસ આપવા છતાં વિદ્યાર્થીઓના વાલીઓએ ખાસ કિસ્સામાં રજા ચિઠ્ઠી આપી વિદ્યાર્થીને રજા લેવડાવી છે એમ ટયૂશન કલાસના શિક્ષકોએ જણાવ્યું છે.

## સાબરમતી ગેસ લિ. અને ક્રિએટીવ ઝોનના સંયુકત ઉપક્રમે ચિત્ર સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત ક્રિએટીવ ઝોન વિભાગ અને સાબરમતી ગૅસ લિ. કંપની ગાંધીનગર શાખાના સંયુકત ઉપક્રમે પર્યાવરણ જાગૃતિ દિનની ઉજવણીના ભાગરૂપે 'ડિવાઈ કૉમ્પિટીશન'નું આયોજન કરવામાં આવ્યું હતું.

સેકટર-૨ ૩માં આવેલ ક્રિએટીવ ઝોન ઉ.વ. ૫ થી ૧૫ની વય ધરાવતા બાળકોને લઈને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓને પર્યાવણ જાગૃતિ અને પર્યાવરણ બચાવો સંદર્ભે ચિત્રકામ દ્વારા પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. આ સ્પર્ધામાં ગાંધીનગરની વિવિધ પ્રાથમિકશાળાઓ માંથી ૮૦જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ક્રિએટીવ ઝોનના હેડ કિરણબેન પટેલ, સાબરમતી ગૅસ લિ. કંપની ગાંધીનગરના ઑફિસર્સ અનુરાગ સિંન્હા, એચ.જી. શાહ તથા સુબેન્દુ મહાપાત્ર ઉપસ્થિત રહ્યા હતા.

# માનવીય સંબંધોમાં હવે ક્રુરતા આવતી જાય છે... સંબંધો તૂટી રહ્યા છે... સાથે સંવેદના પણ..

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

હવે તો શ્રદ્ધાળુઓ એવુ માનવા લાગ્યા છે કે ગ્લોબલ વોર્મિંગના નામે પ્રકૃતિ અને વિજ્ઞાન વચ્ચે જંગના મંડાણ થઈ ચુક્યા છે. અંગ દઝાડતી ગરમી, હાડ થીજાવતી ઠંડી, ભર ઉનાળે વરસાદ, વિનાશક વાવોઝોડું, સુનામીનો કેર, ભૂકંપના આંચકા, આ બધો કુદરતી પ્રકોપનો પ્રભાવ છે. આપણને આપણામાં હિંમત આવી ગઈ છે. પરિણામે આપણેભોગવી રહ્યા છીએ. પણ ખેર, આ વૈજ્ઞાનિકોનો વિષય છે આપણે તેમાં ચંચુપાત કરવો નથી.

સમાજમાં બનતી નીત નવી ઘટનાઓ સાંભળી હવે તો એમ કહેવાનું મન થાય છે કે માનવીની ગતિ અને મતિ કઈ દિશામાં પ્રયાણ કરી રહી છે તે જ સમજાતું નથી. અરે, માનવીય મુલ્યોને મારો ગોલી, નીતિમત્તા જાય ખાડામાં, માનવતાને ચાંપો પલિતો, પણ એક નજીવ સ્વાર્થ ખાતર માનવતા કેવા પતનના માર્ગે જઈ શકે છે તેનું વરવું ઉદાહરણ આજે રજૂ કરવું છે. લખતાં કલમ ધ્રૂજે પણ વાસ્તવિકતા પર પરદો ક્યાં સુધી રાખી શકાય? આભ ફાટી રહ્યું છે, ચીંથરા ઉડી રહ્યા છે. થિંગડું કોણ મારશે? બસ, અમારે ગ્રામ્ય વિસ્તારની સત્ય ઘટના પરથી પરદો ઉચકવો છે. સમાજને લાલબત્તી ધરવી છે...

'મા' એ મા છે ચાહે પછી તે જનમ આપનારી મા હોય કે સાવકી મા. પણ માવતર કમાવતર બને ત્યારે સમાજમાં ભૂકંપ આવે છે.. ગાંધીનગરમાં નોકરી કરતા અને નજીકના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક બદનસીબ પિતાની આ દર્દનાક કહાની કંઈક આવી છે..

મગનભાઈનું કુટુંબ એટલે નાનું કુટુંબ. સુખી કુટુંબ એક દીકરો, એક દીકરી અને પ્રેમાળ પત્નિ. આમ તો આ દામ્પત્ય જીવનને કોઈની નજર લાગી જાય તેવું હતું. પણ કુદરતને કંઈક અડપલું કરવાનું અચાનક મન થયુ અને ભરયુવાનીમાં પત્નિને કેન્સર થયું. અને એક દિવસ અચાનક તે પરિવારને અલવિદા કરી ગઈ. મગનભાઈ ઉપર જાણે આભ તૂટી પડ્યું. અને તેમના દામ્પત્યજીવનમાં દુ:ખોની ઘટમાળ શરૂ થઈ. સમય વિતતો ગયો. દીકરો અને દીકરી યુવાન થઈ ગયા સરકારી નોકરી, સામાજિક વ્યવહારો અને કૌટુંબિક પ્રશ્નોમાં મગનભાઈ અટવાઈ ગયા. સગાવહાલા અને મિત્રોના આગ્રહથી તેમણે બીજા લગ્ન કર્યા. બાળકો માટે ઘરમાં બીજી મમ્મી આવી.. નામ એનું સાવિત્રી. પરંતુ બાઈએ એક જ મહિનામાં સાબિત કરી દીધું કે પોતે આ ઘરમાં સાવકી મા થઈને રહેશે. આજ સુધી શાંત અને સંસ્કારી ગણાતા પરિવારમાં હવે વાતાવરણ કલુષિત બનવા લાગ્યું. મગનભાઈ ક્યારેક અકળાતા, મુંઝાતા પણ આ તો જાતે વહોરેલી ઉપાધી. તેમણે પત્નિને ખૂબ સમજાવી પણ જન્મજાત પ્રકૃતિને કોણ બદલી શકે? લોહીના સંસ્કાર બદલાય તો એક ચમત્કાર જ કહેવાય, અને આવા ચમત્કારો જવલ્લે જ બનતા હોય છે. મગનભાઈને લાગ્યુ કે હવે પડ્યુ પાનુ નીભાવવાનું જ છે. દીકરો અને દીકરી નફરતના વાતાવરણમાં મોટા થવા લાગ્યા. તેમને ઝંખના હતી સ્નેહ, મમતા અને લાગણીની. તેઓ માતૃત્વની હુંફ માટે તરસતા હતા. પણ સાવકી મા નો સતત ઝાકારો મળતાં તેઓ સ્નેહ માટે તડપતા રહ્યા અને દીકરી કોલેજમાં એક બોયફ્રેન્ડ મળ્યો જેના સાનિધ્યમાં તેને સાંત્વન મળવા લાગ્યું. પરિવારમાં સાવિત્રીની તકરાર માઝા મુકવા માંડી. ક્યારેક બોલાચાલી તો ક્યારેક છુટા વેલણ ફેંકાવા માંડયા. ઘરના કંકાસથી ત્રાસેલી દીકરી બોયફ્રેન્ડના સાનિધ્યમાં વધુને વધુ રહેવા લાગી. સાવિત્રી જમાનાની ખાધેલ બાઈ હતી તેને અણસાર આવી ગયો કે દીકરી આડા માર્ગે જઈ રહી છે, અને તેણે દીકરી અને પતિને સીધાદોર કરી દેવાની રમત શરૂ કરી. તેણે દીકરીને પ્રોત્સાહન આપવા માંડ્યું. ક્યારેક તેના બોયફ્રેન્ડ માટે ઘરમાં જ મુલાકાત ગોઠવી આપતી. એટલું જ નહિ બંનેને એકાંતની સગવડ કરી આપતી મમ્મી હવે દીકરીને વહાલી લાગવા માંડી. ઘરમાં જ મળતી મોકળાશમાં બંને પ્રેમીઓ પ્રમાણભાન ભુલવા લાગ્યા. મહોલ્લામાં છાની છપની વાતો થવા લાગી. વાત કર્ણોપકર્ણ મગનભાઈ સુધી પહોંચી અને મગનભાઈ ક્રોધ પરનો કાબૂ ગુમાવી બેઠા, તેમણે પત્નિને ધમકાવી અને દીકરીને પણ ઠપકો આપ્યો. દીકરીને લાગ્યુ મારો બાપ જ મારો વેરી બની ગયો છે મમ્મી તો ખૂબ સારી છે. હવે તો દીકરી પણ પપ્પાની સામે ઉંચા અવાજે બોલતી થઈ. સાવિત્રીબેન હંમેશા તેની પડખે રહેતા. હવે મા અને દીકરીએ ભેગા મળી મોહનલાલ પર માનસિક ત્રાસ શરૂ કર્યો. તેઓ નોકરીએથી ઘરે આવે તો ઘરમાં હૈયાહોળી પ્રગટેલી જ હોય. એટલુ જ નહિ કયારેક મા- દીકરી ઓફિસમાં આવીને પણ મોહનલાલને ધમકાવવા માંડ્યા. નારી જયારે જંગે ચઢે ત્યારે મહારથીઓને મેદાન છોડી દેવુ પડે. કાંતો પ્રતિષ્ઠઆને દાવ પર લગાવવી પડે. આ તો કરમની કઠણાઈ હતી. પત્નિ જીવનસંગિની મટી જીવણ ભક્ષિણી બની હતી અને સગી પુત્રીનો સાથ હતો. કારણ કે તેને અય્યાશી કરવામાં પિતા નડતર રૂપ લાગતા હતા. અને એક દિવસ બંનેએ એક સંપ થઈ મગનભાઈ ઉપર ઘરેલુ અત્યાચાર અંગે કેસ દાખલ કરી દીધો.

કયારેક સામાન્ય લાગતી બાબતો કયારે ગંભીર સ્વરૂપ ધારણ કરી લે તે કહેવાય નહીં. કેટલીક વાર સામાન્ય બાબતોમાં હવે પતિ-પત્નિ કોર્ટે ચઢવા લાગ્યા છે. ફેમિલી કોર્ટમાં કેસો વધતા જાય છે અને વિવિધ સમાજના આગેવાનો સમાજમાં વધતા ફેમિલી પ્રોબ્લેમ વિશે ચિંતન કરવા લાગ્યા છે. કયારેક એવું લાગે છે કે પતિ-પત્નિના સંબંધોમાં તુકારાએ પ્રવેશ કર્યો ત્યારથી સંબંધોની મર્યાદા તુટવા લાગી છે. સંબોધનોમાં તુચ્છકારો વધતો ગયો અને સંબંધોમાં કડવાશ વધતી ગઈ. મમ્મી હવે તો મોમ બની અને પપ્પા ડેડ થઈ ગયા. સંબંધોની મીઠાશ જો શબ્દોમાં જ ન જળવાય તો વર્તનમાં સંસ્કારની અપેક્ષા કયાં રાખવી? પણ આ બધી વાતો હવે ૧૯મી સદીની લાગશે.. હવે તો પરમાત્મા કરે તે ખરુ.. (પ્રસંગના પાત્રોના નામ પરિવર્તિત છે)